# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૪-A તા.૧૮-૦૯-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- વીરગાથા ૪.૦ પ્રોજેક્ટ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/ વીરગાથા ૪.૦/૨૦૨૪/૨૧૦૮૬-૨૦૦ તા.૧૮-૦૯-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના શિક્ષણ મંત્રાલય અને રક્ષા મંત્રાલય દ્વારા વીરગાથા ૪.૦ પ્રોજેકટનું આયોજન કરવામાં આવેલ છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના અને માર્ગદર્શન પ્રમાણે શાળાના દરેક વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન My Gov પોર્ટલ પર કરવા જણાવવામાં આવે છે.દરેક શાળામાં ૧૬ સપ્ટેમ્બરથી ૬ ઓકટોબર સુધીમાં સંદર્ભિતપત્રમાં દર્શાવેલ સ્પર્ધાઓ પૂર્ણ કરવાની રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૮-૦૯-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ

શાસનાધિકારી

22086-200

ક્રમાંક:જીસીઇઆરટી/વીરગાથા 4.0/2024/
ગુજરાતશૈક્ષણિકસંશોધનઅનેતાલીમપરિષદ
વિદ્યાભવન., સેક્ટર-૧૨, ગાંધીનગર
ફોન.નિયામક:(079) 23256808-39
નિયામક:(079) 23256808
સચિવ:(079) 23256813
ફેક્સ :(079) 23256812
ઈ-મેલ :director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

સત્યમેવ જયતે

તા. 18 SEP 2024

પ્રતિ
પ્રાચાર્યશ્રી – જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – તમામ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી – તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી – તમામ
શાસધાનિકારીશ્રી – તમામ

**વિષય:વીરગાથા 4.0 પ્રોજેક્ટ બાબત**
**સંદર્ભ 1: ભારત સરકારના શિક્ષા મંત્રાલય, ન્યુ દિલ્હીના તા.2/9/24ના રોજનો પત્ર**
**સંદર્ભ 2: તા.13/9/2024ના રોજ શાખાનોંધ પર મળેલ માન.નિયામકશ્રીની મંજુરી મુજબ**

શ્રીમાન,

જયભારત સાથે ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના શિક્ષણ મંત્રાલય અને રક્ષા મંત્રાલય દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે વીરગાથા 4.0 પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ 6 થી 12ના તમામ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે આપની કક્ષાએથી શાળાઓને જાણ કરવાની રહેશે. આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને ડાયટ પ્રાચાર્ય સંકલનમાં કામગીરી કરવાની છે. જિલ્લા કક્ષાએ સમગ્ર પ્રોજેક્ટ માટેના મૂલ્યાંકન, માર્ગદર્શન ડાયટ કક્ષાએથી કરવાનું રહેશે.

- વીરગાથા પ્રોજેક્ટ 4.0 ના આયોજન અને અમલીકરણ જિલ્લા નોડલ અધિકારી ડાયટ પ્રાચાર્ય દ્વારા કરાવવાનુ રહેશે. ઉક્ત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની કેટેગરી, પ્રવૃતિઓ અને વિષય આ મુજબ છે.

| ધોરણ | પ્રવૃત્તિઓ | સૂચિત વિષય (I to V કોઇ પણ એક ) |
|---|---|---|
| 3 to 5 | કાવ્ય/નિબંધ (150 શબ્દો/Painting & Drawing | I. મારો રોલ મોડલ(ગેલન્ટ્રી એવોર્ડ વિજેતા)મૂલ્ય જે હું તેના/તેણીના જીવનમાંથી શીખ્યો છું........................ |
| 6 to 8 | કાવ્ય/નિબંધ (300 શબ્દો/Painting & Drawing Multi-Media Presentation | II. (શૌર્ય પુરસ્કાર વિજેતા)એ આપણા રાષ્ટ્ર માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું. જો તેમની/તેણીની સ્મૃતિને જીવંત રાખવાની તક આપવામાં આવે, તો હું ઈચ્છું છું............. |
| 9 to 10 | કાવ્ય/નિબંધ (750 શબ્દો/Painting & Drawing /Multi-MediaPresentation | III. રાણી લક્ષ્મીબાઈ મારા સપનામાં આવી. તેણી ઇચ્છતી હતી કે હું આપણા દેશની સેવા -------- દ્વારા કરું |
| 11 to 12 | કાવ્ય/નિબંધ (1000 શબ્દો/Painting & Drawing Multi-MediaPresentation | IV. 1857ના વિદ્રોહને ભારતીય સ્વતંત્રતાના પ્રથમ યુદ્ધ તરીકે ચિહ્નિત કરવામાં આવ્યું છે.(સ્વતંત્રતા સેનાનીનું નામ)ની જીવનકથા મને ................. માટે પ્રેરિત કરે છે.<br>V. સ્વતંત્રતા સંગ્રામમાં આદિવાસી બળવાની ભૂમિકા. |

- શાળાના દરેક વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન My Gov પોર્ટલ પર કરાવવાનુ રહેશે.
- ઉક્ત કેટેગરી મુજબ દરેક શાળાઓમાં તા 16 સપ્ટેમ્બર થી 5 ઓક્ટોબર સુધીમાં સ્પર્ધા પૂર્ણ કરવાની રહેશે.
- ઉક્ત સારણી મુજબ દરેક શાળાના કેટેગરી મુજબના શ્રેષ્ઠ 1 જ કૃતિ (એક જ વિદ્યાર્થીની) **MY GoV Portal** પર અપલોડ કરવાની રહેશે.
- કાવ્ય, નિબંધ, પ્રોજેક્ટ , ચિત્ર વગેરે ભારતની 22 માન્ય ભાષા અથવા અંગ્રેજીમાં કૃતિ તૈયાર કરી શકે છે.
- આ સ્પર્ધાઓના મૂલ્યાંકન જિલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને ત્યારબાદ રાષ્ટ્રીય કક્ષાએ થનાર છે.
- પત્રની સાથે **Concept note** માં સ્પર્ધાના નિયમો, મૂલ્યાંકનના ધારાધોરણ, રાજ્યકક્ષાએ મૂલ્યાંકન વગેરે જેવી માહિતીનો સમાવેશ કરવામાં આવેલ છે. જે આ સાથે મોકલી આપીએ છીએ જેનો સંપુર્ણ અભ્યાસ કરી શાળાઓને માર્ગદર્શન આપવું.

જિલ્લાની તમામ શાળાઓના વધુને વધુ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાય તે માટે આપની કક્ષાએથી પ્રયાસ હાથ ધરવા જણાવવામાં આવે છે.

(એસ.જે.ડુમરાળિયા)
સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

(મહેશ મહેતા)
સચિવ
સમગ્ર શિક્ષા
ગાંધીનગર

બિડાણ: - કન્સેપ્ટ નોટ

નકલ સવિનય રવાના:

- માન. એસ.પી.ડી.શ્રી- સમગ્ર શિક્ષા – ગાંધીનગર
- માન. કમિશ્નરશ્રી-કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ – ગાંધીનગર